सत्यमेव जयते

આંક–૧૬

**:: નમુના – અ ::**

## વંથલીના એડી. ચીફ જયુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.

## રજુ :– અનુભવ પાંડે

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૩/૦૪/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૪૪૩/૨૦૨૫** |

**:: ગુનાની વિગત ::**

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | | બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬(બી), ૫૪ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | | ૧૧૨૦૩૦૬૮૨૪૦૩૯૫/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | | વંથલી. |
| ફરીયાદ પક્ષ | | સરકારી શ્રી /મુળ ફરીયાદી – દુદાભાઈ રીણાભાઈ દીવરાણીયા |
| રજુઆત | | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | ૦૧ | લખમણભાઈ ગીગાભાઈ દીવરાણીયા ઉ.વ.૭૬, ધંધો–ખેતી, |
| | ૦૨ | હરેશભાઈ લખમણભાઈ દીવરાણીયા ઉ.વ.૪૩, ધંધો–ખેતી રહે. બન્ને ધંધુસર, તા.વંથલી. |
| રજુઆત | | વિ. વ. શ્રી વી. યુ. વદર. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૩/૦૭/૨૦૨૪ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૮/૦૮/૨૦૨૪ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૦૭/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૮/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ<br>(લાગુ પડે તો) | -- |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લખમણભાઇ ગીગાભાઇ દીવરાણીયા | ૨૧/૦૮/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | ઉપર મુજબ | | -- | ૨૧/૦૮/૨૦૨૪ થી ૨૧/૦૮/૨૦૨૪ |
| ૨ | હરેશભાઇ લખમણભાઇ દીવરાણીયા | ૨૧/૦૮/૨૦૨૪ | ૨૧/૦૮/૨૦૨૪ | ઉપર મુજબ | | -- | ૨૧/૦૮/૨૦૨૪ થી ૨૧/૦૮/૨૦૨૪ |

:: નમુનો ક ::

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક-૦૮) | દુદાભાઇ રીણાભાઇ દીવરાણીયા | ફરીયાદી |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૦૯ | ફરીયાદ |
| આરોપીના વિ. વ.શ્રી ની સંમતીથી નીચે મુજબના દ.પુ.ને આંક આપવામાં આવેલ છે. | | |
| ૦૧ | ૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |
| ૦૨ | ૧૧ | અટક પંચનામું. |
| ૦૩ | ૧૨ | મેડીકલ સર્ટી. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :–

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

## –:: <u>ચુકાદો</u> ::–

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીની અને આરોપીઓની જમીન બાજુબાજુમાં આવેલ હોય અને ચોમાસાની ઋતુ દરમ્યાન ઉપરવાસમાંથી આવતું પાણી ફરીયાદીના ખેતરમાં થઇને આરોપીઓના ખેતરમાં

જતું ત્યારે આરોપીઓએ તેમના ખેતરના શેઢે પાળો કરેલ જેથી ઉપરવાસમાં આવેલ ખેતરોના પાણીનો ભરાવો ફરીયાદીના ખેતરમાં થતો હોય તેમ છતાં આરોપીઓએ તેમના ખેતરમાં ભરાતું પાણી ફરીયાદીના ખેતરમાં વાળી દીધેલ જે બાબતે ફરીયાદીએ આરોપીઓને વાત કરતા આરોપીઓએ ફરીયાદીને કહેલ કે તારા ખેતરનુ પાણી અમારા ખેતરમાં આવવું ન જોઇએ તેમ કહી ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી માનસીક ત્રાસ આપતાં હોય જેથી કંટાળી જઇ ફરીયાદીએ તા.૨૩/૦૭/૨૦૨૪ ના સવારના સાડા દશેક વાગ્યાનાં સુમારે ધંધુસર ગામના મુખ્ય પાદરમાં મચ્છર તથા ચુસીયા મારવાની દવા પી લીધેલ. આમ, આરોપીઓએ ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીને દવા પીવા મજબુર કરી એકબીજાને મદદગારી કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૪ ૦૩૯૫/૨૦૨૪ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૨) તથા ૫૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં આરોપીઓ તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ તથા આંક–૫ થી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઇન્કાર

કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

ચાલુ પુરાવા દરમ્યાન ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય આંક–૦૭ થી બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬(બી) તથા ૫૪ મુજબના ગુનામા સમાધાન નોંધવાની પુરશીશ રજુ કરેલ છે. જે અન્વયે આરોપીઓને બી. એન. એસ. ની કલમ–૩૫૯ અન્વયે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨) તથા ૩૫૧(૨) મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ અને બાકી રહેલ બી. એન. એસ. ની કલમ–૨૯૬(બી) તથા ૫૪ અન્વયેના ગુનાઓ સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ઉપરોકત પુરાવા પછી ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓને પુરતો બચાવ કરવાની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુસર બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ અન્વયે વધારાનું નીવેદન નોંધી લેતાં, તેઓએ તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનું, તેઓ તદન નિર્દોષ હોવાનું જણાવેલ છે. જો કે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલા નથી.

**(૦૬)** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે, વિ.એ.પી.પી.શ્રી કે. બી. ટાંકની દલીલ તથા આરોપી તરફે વિ. વ. શ્રી વી. યુ. વદરની દલીલો સાંભળવામાં આવી.

**(૦૭)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીની અને આરોપીઓની જમીન બાજુબાજુમાં આવેલ હોય અને ચોમાસાની ઋતુ દરમ્યાન ઉપરવાસમાંથી આવતું પાણી ફરીયાદીના ખેતરમાં થઇને આરોપીઓના ખેતરમાં જતું ત્યારે આરોપીઓએ તેમના ખેતરના શેઢે પાળો કરેલ જેથી ઉપરવાસમાં આવેલ ખેતરોના પાણીનો ભરાવો ફરીયાદીના ખેતરમાં થતો હોય તેમ છતાં આરોપીઓએ તેમના ખેતરમાં ભરાતું પાણી ફરીયાદીના ખેતરમાં વાળી દીધેલ જે બાબતે ફરીયાદીએ આરોપીઓને વાત કરતા આરોપીઓએ ફરીયાદીને કહેલ કે તારા ખેતરનુ પાણી અમારા ખેતરમાં આવવું ન જોઇએ તેમ કહી ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી માનસીક ત્રાસ આપતાં હોય જેથી કંટાળી જઇ ફરીયાદીએ તા.૨૩/૦૭/૨૦૨૪ ના સવારના સાડા દશેક વાગ્યાનાં સુમારે ધંધુસર ગામના મુખ્ય પાદરમાં મચ્છર તથા ચુસીયા મારવાની દવા પી લીધેલ. આમ, આરોપીઓએ ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો બોલી એકબીજાને મદદગારી કરી બી. એન. એસ. ની કલમ-૨૯૬(બી), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૮)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**-:: <u>કારણો</u> ::-**

**<u>મુદા નંબર ૧ :-</u>**

**(૦૯)** ફરીયાદ પક્ષે આંક-૦૮ થી ફરીયાદી દુદાભાઇ રીણાભાઇ દીવરાણીયા પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે એકાદ વર્ષ પહેલા સવારના અગીયારેક વાગ્યે આરોપીઓએ તેમની સાથે ચોમાસાની ઋતુમાં ઉપરવાસમાં આવેલા ખેતરોના પાણી તેમના ખેતરમાં થઇને પડતર જગ્યામાં વહી જતું હોય પરંતુ, લખમણભાઇએ ખેતરનાં સેઢે પાળો કરતા તે બાબતે સામાન્ય બોલાચાલી કરતા તેમને લાગી આવતા મચ્છર મારવાની દવા પી લેતા દવાખાને સારવાર કરાવેલી, આ સીવાય બીજુ કાંઇ બનેલું નથી. વધુમાં તેમણે બનાવ બાબતે ફરીયાદ આપેલાનું જણાવી, ઓળખી બતાવી આંક-૦૯ થી રજુ રાખેલ અને આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવી આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલાનું જણાવેલ.

આ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને વિ. એ. પી. પી. શ્રી એ હોસ્ટાઇલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓએ આંક-૦૯ ની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

આ સાહેદ બચાવ પક્ષની ઉલટમાં કબુલ રાખે છે કે, આરોપીઓએ તેમને કોઇ ભુંડી ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવું બનેલ નથી. સાહેદ વધુમાં એ પણ કબુલ રાખે છે કે, તેમની ઉંમરના કારણે તેમને માથાનો દુ:ખાવો રહેતો હોય જેથી તેમણે માથાની દવા સમજી ભુલથી તેમની રીતે દુ:ખાવાની દવા સમજી દવા પી લીધેલી. સાહેદ એ હકીકત પણ કબુલ રાખે છે કે, પોલીસે એક તૈયાર કાગળમાં તેમના અંગુઠાનું નિશાન લેવડાવેલ હતું અને કાંઇ વાંચી સંભળાવેલ નહીં.

આમ, ફરીયાદીની જુબાની જોવામાં આવે તો આરોપીઓએ જાહેરમાં ભુંડી ગાળો કાઢેલ હોય તેવી કોઈ હકીકત તેઓ જણાવતા નથી. આમ, ફરીયાદીની જુબાનીથી એ પુરવાર થઈ શકતું નથી કે, આરોપીઓએ ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો કાઢેલ.

(૧૦) બચાવ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૧૦ થી, અટક પંચનામું આંક–૧૧ થી તથા મેડીકલ સર્ટી. આંક–૧૨ થી કબુલ મંજુર રાખેલ છે. પરંતુ આ તમામ સમર્થનકારક પુરાવા છે, હાલના કેસમાં જયારે ડાયરેકટ એવીડન્સનો જ પુરાવો આવતો ન હોય ત્યારે આરોપીઓ સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

(૧૧) આમ, ફરીયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, ફરીયાદીની અને આરોપીઓની જમીન બાજુબાજુમાં આવેલ હોય અને ચોમાસાની ઋતુ દરમ્યાન ઉપરવાસમાંથી આવતું પાણી ફરીયાદીના ખેતરમાં થઇને આરોપીઓના ખેતરમાં જતું ત્યારે આરોપીઓએ તેમના ખેતરના શેઢે પાળો કરેલ જેથી ઉપરવાસમાં આવેલ ખેતરોના પાણીનો ભરાવો ફરીયાદીના ખેતરમાં થતો હોય તેમ છતાં આરોપીઓએ તેમના ખેતરમાં ભરાતું પાણી ફરીયાદીના ખેતરમાં વાળી દીધેલ જે બાબતે ફરીયાદીએ આરોપીઓને વાત કરતા આરોપીઓએ ફરીયાદીને કહેલ કે તારા ખેતરનુ પાણી અમારા ખેતરમાં આવવું ન જોઇએ તેમ કહી ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી માનસીક ત્રાસ આપતાં હોય જેથી કંટાળી જઇ ફરીયાદીએ તા.૨૩/૦૭/૨૦૨૪ ના સવારના સાડા દશેક વાગ્યાનાં સુમારે ધંધુસર ગામના મુખ્ય પાદરમાં મચ્છર તથા ચુસીયા મારવાની દવા પી લીધેલ, આમ આરોપીઓએ ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો બોલી, એકબીજાને મદદગારી કરી બી. એન. એસ. ની કલમ–

૨૯૬(બી), ૫૪ મુજબનો ગુનો આચરેલો. જેથી મુદા નં.–૧ નો નિર્ણય ‘‘નકાર’’ માં આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૨ :–**

**(૧૩)** મુદ્દા નં. ૧ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે

**–:: આખરી હુકમ ::–**

**(૧)** હાલના આરોપીઓ (૧) લખમણભાઇ ગીગાભાઇ દીવરાણીયા તથા (૨) હરેશભાઇ લખમણભાઇ દીવરાણીયાને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૮ અન્વયે બી. એન. એસ. ની કલમ–૨૯૪(ખ) તથા ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપી આજરોજ કોર્ટમા હાજર ન હોય તથા આરોપીઓને હાલના કેસમા નિર્દોષ ઠરાવેલ હોય બી.એન.એસ.કલમ ૩૯૨(૬) ની જોગવાઇ મુજબ આરોપીની ગેરહાજરીમા ચુકાદો જાહેર કરવામા આવે છે.

**(૩)** હાલના આરોપીઓએ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવા અગરતો જામીન તરીકે ચાલુ રહેવા પુરશીસ રજુ કરવી.

આજરોજ તા.૧૩ મી માહે–એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. વંથલી.
તા.૧૩/૦૪/૨૦૨૬.

(અનુભવ પાંડે)
એડી. ચીફ જયુડી. મેજી., વંથલી
કોડ નં.જીજે૦૧૧૩૩.